# પત્ની-સુખ, સંતાન સુખ છતાં, અવારનવાર ચિંતામા



વિક્રમ સંવત ૨૦૬૯ જેમ જેમ પસાર થાય તેમ તેમ તમે ચિંતામુક્ત થતા હોયતેમ તમે અનુભવશો. આ વર્ષ પુત્રપૌત્રાદિક, પત્ની, પરદેશ, ધર્મકાર્ય, શુભકાર્ય માટે મહત્ત્વનું બનવા ઉપરાંત પોતાની પ્રગતિ-સફળતામાં તમને ફાયદો-લાભ પ્રાપ્ત થાય.

વર્ષ દરમ્યાન રૂપાના પાયે શનિનું પરિભ્રમણ ભાગ્ય પરિવર્તન, ફેરફારી માટેના સંજોગો ઉપસ્થિત કરે. તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરૂ ગ્રહ આપની રાશિમાં પ્રવેશ કરતાં વર્ષના ઉત્તરાર્ધનો સમય વધુ સાનુકૂળતાવાળો બનતો જાય. પરંતુ તા. ૩૧ મે સુધી બારમા ગુરૂના કારણે નોકરી-ધંધામાં અવારનવાર ચિંતા-રૂકાવટ, કામમાં વિબંલ અનુભવાય. તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૩૧-૫-૨૦૧૩ દરમ્યાન ઉતાવળીયો કોઈ નિર્ણય કરવો નહીં.

### આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારી સારી રહે. શરીર, મનની સ્ફૂર્તિ, તાજગી, સ્વસ્થતાથી આનંદમાં રહી શકો. જેમનું વજન ઘટતું હોય તેમને વજનની સ્થિરતા અને વજન વધવાનીશરૂઆત થાય. તે સિવાય વજન વધારે હોય તેમને ડાયેટીંગથી શરીરનું વજન, સમતોલન સપ્રમાણ થવાના કારણે આળસ, સુસ્તી, બેચેની, બીમારી ઓછી થાય.

તા. ૧૮-૧૨-૨૦૧૨થી તા. ૨૫-૧-૨૦૧૩ દરમ્યાન ચિંતા, ખર્ચ, આકસ્મિક બીમારી, ઉપાધિના કારણે અનુભવાય. ઉપરોક્ત સમય દરમ્યાન સ્વસ્થ તંદુરસ્તી પણ જોખવાય. આવાસ વૃદ્ધને પડવા વાગવાથી, ફ્રેકચરથી, શસ્ત્રક્રિયાથી પીડા ભોગવવી પડે. પેટથી પગ સુધીના ભાગમાં, કમર, નિતંબ, ગુદા,પેશાબના ભાગમાં નાની-મોટી પીડાથી તમારા રોજીંદા કામમાં, ઉઠવા બેસવામાં તકલીફ અનુભવો. કેન્સર કે અન્ય ઘાતક બીમારી મૃત્યુજનક પરિસ્થિતિમાં દિવસો પસાર કરાવે. તા. ૧૩-૧-૨૦૧૩થી ૨૫-૧-૨૦૧૩ સુધીનો સમય વધુ કષ્ટપીડા-ચિંતા-ઉપાધિનો જણાય. જેમનું જન્મવર્ષ ઉપરોક્ત સમયમાં બદલાતું હોય તેમને શારીરિક- માનસિક પીડા- વ્યથાના કારણે શાંતિ જણાય નહીં.

તા. ૧૪ મેથી તા. ૧૪ જુન સુધીનો સમય આંખમાં, ખભામાં, પીઠમાં દર્દપીડાથી સંભાળવો પડે. તા. ૨૩ મેથી તા. ૧૪ જુન દરમ્યાન વધારાનો ખર્ચ આવી જાય. પરંતુ ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે આરોગ્ય સુખાકારી સારી રહે.

### આર્થિક સુખસંપત્તિ

ધીમી ગતિએ પણ તમારી આવકની સ્થિરતા, પ્રગતિ આગળ વધતી જાય. તા. ૩૧-૫-૨૦૧૩ સુધી ખર્ચા થાય પરંતુ શુભકાર્ય, ધર્મકાર્યમાં ખર્ચ થાય પરંતુ આનંદ રહે. આ વર્ષમાં મકાન-વાહનનો ખર્ચ થાય. નવું મકાન, જમીન, વાહન ખરીદવાના પ્રયત્નમાં લોનની સગવડતા, સાનુકૂળતાથી પ્રાપ્ત થાય. અન્યનો સહકાર મળી રહે. સોનું,ચાંદી કે કિંમતી ચીજવસ્તુની ખરીદી થઈ શકે. કાકા-બાપાની સંયુક્ત મિલકતની વહેંચણી, વેચાણનો પ્રશ્ન ઉકેલાતા હળવાશ જણાય. માલીક-ભાડુઆતના વિવાદમાં અટવાયેલ પ્રશ્ન, કાનૂની પ્રશ્નમાં સમાધાન થાય, જેમને વ્યાજની આવક હોય તેમાં, સરકારી ખાતામાંથી મેળવવાના નાણાં આ વર્ષમાં છૂટા થાય. કોઈના જામીન બન્યા હોવ તો તે જવાબદારીમાંથી મુક્ત થઈ શકો. ઉછીના આપેલા નાણાં છુટા થાય. ગીરવે મુકેલ દાગીના-જમીન-મકાન છોડાવી શકાય.

આ વર્ષમાં તા. ૧૮-૧૨-૨૦૧૨થી ૨૫-૧-૨૦૧૩ દરમ્યાન તેમજ તા. ૨૩-૫-૨૦૧૩થી તા. ૪-૭-૨૦૧૩ દરમ્યાન બેંકના કામકાજમાં, નાણાંકીય જવાબદારીવાળા કામમાં સાવધાની રાખવી. તે સિવાય તમારા નાણાંની ચોરી, નુકસાન થાય નહીં તેનું ધ્યાન રાખવું. બહાર રસ્તામાં કે બહારગામના પ્રવાસમાં પૈસા-પાકીટ-મોબાઈલ, ક્રેડીટ કાર્ડ, પાનકાર્ડ પડી જાય કે ચોરાઈ જાય નહીં તેની તકેદારી , સાવધાની રાખવી પડે. ટુંકમાં આ વર્ષમાં તમારી આર્થિક સુખસંપત્તિ, આવકમાં વધારો થાય. ચિંતાજનક પ્રશ્ન ઉકેલાતા જાય.

### પત્ની-સંતાન સુખ

પત્ની-સુખ, સંતાન સુખ છતાં તમે તેમના માટે અવારનવાર ચિંતામાં રહો. તા. ૨૩-૧૨-૨૦૧૨ પછી સંતાનને બીમારીથી, વાહનથી, પડવાવાગવાથી સંભાળવું પડે. તા. ૧૩-૪-૨૦૧૩થી તા. ૧૪-૫-૨૦૧૩ દરમ્યાન તેમજ તા. ૧૭-૧૦-૨૦૧૩ પછીનો સમય પુત્રપૌત્રાદિકના વિદ્યાભણતર, વિવાહ-લગ્ન, નોકરી-ધંધાના કે આરોગ્યના પ્રશ્ને ચિંતા રખાવે. તા. ૧૫-૧૨-૨૦૧૨થી તા. ૧૪-૧-૨૦૧૩ સુધીનો સમય પત્નીના આરોગ્યના પ્રશ્ને, સાંસારીક પ્રશ્ને ચિંતા, ઉચાટ, ઉદ્વેગમાં પસાર થાય. બેસતા વર્ષે અને ભાઈબીજના દિવસે ચિંતાનું આવરણ આવી જાય. તા. ૩૧-૫-૨૦૧૩ પછી જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ પુત્રપૌત્રાદિક, પત્ની માટે સાનુકૂળત સમય શરૂ થાય. અવિવાહિતને વિવાહ-લગ્નનું નક્કી થાય. સાંસારિક જીવનમાં વિવાદ થયેલ હોય તેમને સમાધાન થાય. પરદેશમાં કે બહારગામ રહેતા પુત્રપૌત્રાદિકને મળવાનું થતાં આનંદ અનુભવો. જેમને લગ્ન પછી સંતાન થવામાં વિલંબ થયો હોય તેમને સંતાન સુખ પ્રાપ્ત થાય પરંતુ સંતાનનો જન્મ થાય ત્યાં સુધીનો સમય પત્નીને શારીરિક કષ્ટપીડાનો રહે. તા. ૧૨-૪-૨૦૧૩થી તા. ૨૩-૫-૨૦૧૩ દરમ્યાન સંતાનથી ચિંતા-ખર્ચ-બેચેની અનુભવાય.

### નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વર્ષારંભથી તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી નોકરીની કામગીરીમાં, જવાબદારીમાં આપે સાવધાની રાખવી. સરકારી કામગીરી સંભાળનારે લોભ-લાલચમાંલાંચ લેવી નહીં કે ખોટું કોઈ કામ કરવું નહીં. સરકારી, ખાતાકીય તપાસમાં, કાનૂની કાર્યવાહીમાં તમને શાંતિ, રાહત જણાય નહીં.

તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરૂ ગ્રહ આપની રાશિમાં પરિભ્રમણ શરૂ કરતાં વર્ષના ઉત્તરાર્ધ સુધીનો સમય નોકરીમાં લાભદાયી રહે. જેમને નોકરી ન હોય તેમને નોકરી મળે પરંતુ પોતાના રહેઠાણ, પરિવારથી દૂર જવાનું થાય. તેમજ પોતાના અભ્યાસ, આવડત, બુદ્ધિ, મહેનત પ્રમાણે જે કામ નોકરીમાં મળવું જોઈએ તે મળે નહીં. અસંતોષ રહે પરંતુ ધીમી ગતિએ તમે તમારા કાર્યક્ષેત્રમાં આગળ વધતા જાવ અને આકસ્મિક સારી તક મળવાથી તમારો ભાગ્યોદય શરૂ થાય. ખાનગી સંસ્થામાં નોકરી કરનારને સંસ્થાની ફેરફારી થાય. સરકારી નોકરી હોય તેમને બઢતી મળે પરંતુ પરિવારથી દૂર જવાનું થાય. બેંકની નોકરી હોય તેમને સ્થળાંતર થાય પરંતુ નાણાંકીય જવાબદારી સંભાળવનારે, પ્રજાના બેંક લોકરની કામગીરી સંભાળનારે સહીસિક્કાની ચોકસાઈ કરવામાં આળસ-બેકાળજી રાખવી નહીં. તેમજ અન્યના વિશ્વાસે રહેવું નહીં. પોતે રજા પર હોય અને તમારી રજા દરમ્યાન અન્યએ કરેલી કામગીરી ચોકસાઈપૂર્વક જોઈ લેવી.

**- તા. ૩૧-૫-૨૦૧૩ પછી વર્ષના ઉત્તરાર્ધ સુધીમાં આપ ચિંતામુક્ત થતા જાવ.**

**- તા. ૧૮-૧૨-૨૦૧૨થી તા. ૨૫-૧-૨૦૧૩ દરમ્યાન તેમજ તા. ૨૩-૫-૨૦૧૩થી તા. ૪-૭-૨૦૧૩ દરમ્યાન આકસ્મિક ચિંતા, ઉપાધિ આવી જાય.**

**- વર્ષારંભે મુહરતના સોદામાં જોખમ કરવું નહીં. સોના-ચાંદીના- રૂ-સાકર-ગોળ-તેલના ધંધામાં, લોખંડના ધંધામાં, શેરોની લે-વેચમાં લોભ-લાલચ કર્યા વગર આપે ધંધો કરવો.**

તા. ૧૮-૧૨-૨૦૧૨થી તા. ૨૫-૧-૨૦૧૩ દરમ્યાન તેમજ તા. ૨૩-૫-૨૦૧૩થી તા. ૪-૭-૨૦૧૩ દરમ્યાન આકસ્મિક ચિંતા, ઉપાધિ આવી જાય. ઉપરી અધિકારી, સહકાર્યકરવર્ગ સાથે વિવાદ થઈ જાય. જીદ-મુમત-અહમનો ટકરાવ, સંઘર્ષ થાય. સરકારી નોકરી હોય તેમણે સાવધાની રાખવી. હરિફવર્ગ, ઈર્ષા, ખટપટ કરનાર આપને મુશ્કેલીમાં મુકવા, બદલી કરાવવાના, પદભ્રષ્ટ કરાવવાના પ્રયત્ કરે પરંતુ તમારી સત્યનિષ્ઠા, પ્રમાણિકતા, ભક્તિપૂજાથી તેમના પાસા અવળા પડે અને તમે મોટી આપત્તિ,ચિંતામાંથી ઉગરી જાવ. ઈન્કમટેક્ષને લગતી કામગીરીમાં ધ્યાન રાખવું.

નિવૃત્તિનું વર્ષ હોય તેમણે શાંતિથી આ વર્ષ પસાર કરવું. તે સિવાય નિવૃત્તિ પછી પેન્શન, મળવાપાત્ર રકમ વગેરે અંગેની કામગીરી સરળતાથી પાર પડે અને તમે આનંદ અનુભવી શકો. કામચલાઉ નોકરી હોય તેમને નોકરી બદલાય અથવા અન્ય કોઈ લાભ મળવાથી આવકમાં વધારો થાય. પત્ની,સંતાનના સહકારથી,તેમના ભાગ્યબળથી તમારી આવક, સુખસંપત્તિ વધે તેમજ ધર્મકાર્ય, આધ્યાત્મિક કાર્ય થઈ શકે. ટુંકમાં આ વર્ષમાં નોકરીના કાર્યક્ષેત્રમાં ધીમી ગતિએ મક્કમતાથી આગળ વધવાનું થશે પરંતુ ધીમીગતિએ પ્રગતિમાં તમારે ધીરજ, સંતોષ રાખવો પડે.

### ધંધામાં વર્ષ કેવું !

ધંધામાં વર્ષ આરોહ-અવરોહનું રહે. વર્ષારંભે ધંધાકીય નિર્ણયમાં, રોકાણમા, સ્ટોકની ખરીદીમાં ઉતાવળીયા જોખમી નિર્ણયો કરવા નહીં. તે સિવાય વર્ષનો ઉત્તરાર્ધ ધંધામાં સાનુકૂળતાવાળો રહે. ધંધો-આવક થાય.

વર્ષારંભે મુહરતના સોદામાં જોખમ કરવું નહીં. સોના-ચાંદીના- રૂ-સાકર-ગોળ-તેલના ધંધામાં, લોખંડના ધંધામાં, શેરોની લે-વેચમાં લોભ-લાલચ કર્યા વગર આપે ધંધો કરવો. તા. ૧૮-૧૨-૨૦૧૨થી તા. ૨૫-૧-૨૦૧૩ દરમ્યાન મકાન બાંધકામના ધંધામાં, જમીનના ધંધામાં નાણાંભીડ,ફસામણી, કાનૂની કે પોલીસ કાર્યવાહીમાં, સરકારી કાર્યવાહીમાં આપ તકલીફ અનુભવો. તાંબાના, રંગરસાયણના કે ઈલેક્ટ્રીકના, દવાના ધંધામાં ઉપરોક્ત સમય દરમ્યાન જોખમી નિર્ણયો કરવા નહીં. સટ્ટાકીય વેપારમાં પોતાની ગણત્રી-ધારણા કરતાં અવળું બને. તેમાં પણ જેમની જન્મકુંડળીમાં ઋણયોગ-દેવાદાર યોગ થયેલો હોય તેમને વધુ નુકસાની, તકલીફ અનુભવાય. આયાત-નિકાસના ધંધામાં ધંધો થાય પરંતુ નાણાં મેળવવામાં વિલંબ થાય. તે સિવાય માલ અટવાઈ પડવાથી વહેલો-મોડો થવાથી નુકસાન સહન કરવું પડે. ચિંતા અનુભવાય.

તા. ૩૧-૫-૨૦૧૩ પછી વર્ષના ઉત્તરાર્ધ સુધીમાં આપ ચિંતામુક્ત થતા જાવ. ધંધો-આવક થાય. ફસાયેલા નાણાં, ઉઘરાણીના નાણાં છુટા થાય. નવા ધંધાની તક પ્રાપ્ત થાય. સોના-ચાંદીના ધંધામાં સાનુકૂળતા રહે. લોખંડ, પથ્થરના ધંધામાં, છૂટક પરચુરણ વેપારમાં, અનાજ કરીયાણાના ધંધામાં આવક થાય. કાગળ, કાપડ, તૈયાર વસ્ત્રોના ધંધો વધે.

ખાણીપીણીના ધંધામાં સાનુકૂળતા રહે. મકાન બાંધકામના ધંધામાં, જમીનના ધંધામાં એક-બે મોટા સોદા થઈ જવાથી નાણાં છૂટા થાય. પત્નીના નામે ધંધો હોય તો તેમાં સાનુકૂળતા રહે. પુત્ર પૌત્રાદિકના નામે ધંધો હોય, ભાઈભાંડુ સાથેનો કે ભાગીદારીમાં ધંધો હોય તેમાં તા. ૧૪-૧-૨૦૧૩ થી તા. ૧૨-૨-૨૦૧૩ દરમ્યાન ધ્યાન રાખવું પડે. તા. ૨૩-૫-૨૦૧૩થી તા. ૩૧-૫-૨૦૧૩ દરમ્યાન ઈન્કમટેક્ષ કે અન્ય ખાતાકીય તપાસ-બંધનમાં, નુકસાનીમાં, બેંકની કાર્યવાહીમાં આપે સંભાળવું પડે. ટુંકમાં આ વર્ષ આરોહ-અવરોહનું રહેશે. પરંતુ અગાઉના સમય કરતાં આ વર્ષ જેમ જેમ પસાર થાય તેમ તેમ આપ ધંધાકીય પ્રગતિથી હળવાશ અનુભવતા જાવ.

### સ્ત્રી વર્ગ

સ્ત્રી વર્ગને વર્ષ એકંદરે સાનુકૂળતાવાળું રહે. વર્ષારંભે ધર્મકાર્ય-શુભકાર્ય થાય પરંતુ પિતૃપક્ષની ચિંતારહે. સાસરી પક્ષની ચિંતા રહે. બન્ને પરિવાર વચ્ચે જો વિવાદ ચાલતો હોય તો તેમાં તમારી પરિસ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી રહે પરંતુ આપે મૌન રાખી, શાંતિથી સમય પસાર કરી લેવો હિતાવહ રહેશે. તા. ૩૧-૫-૨૦૧૩ પછી સાસરીપક્ષ-પિયરપક્ષની ચિંતા દૂર થાય. પતિ, સંતાનના પ્રશ્નમાં સાનુકૂલતા રહે. તેમની પ્રગતિથી ઘર-પરિવારમાં આનંદ રહે. આવક, સુખસંપત્તિમાં વધારો થાય. અવિવાહિતને વિવાહ-લગ્નનું નક્કી થાય. પ્રેમ-મિત્રતા-લાગણીના સંબંધમાં નિકટતા જણાય. પુત્રપૌત્રાદિકના વિદ્યાભણતરમાં, પરદેશના કામમાં પ્રગતિ થઈ શકે પરંતુ સંતાનને વિદ્યાશાખા તેમજ વિદ્યાસંસ્થાની પસંદગીમાં ફેરફારી કરવી પડે. સ્થળની ફેરફારી સ્વીકારવી પડે. ખર્ચમાં વધારો થાય પરંતુ સંતાનની પ્રગતિમાં રૂકાવટ જણાય નહીં. ટુંકમાં વર્ષના મધ્યભાગથી ઉત્તરાર્ધ સુધીનો સમય આનંદનો રહે.

### ખેડૂતવર્ગ

ખેડૂતવર્ગને વર્ષ એકંદરે મધ્યમ રહે. ખેતીના કામમાં પ્રગતિ જણાય. પરંતુ સંતાન-પત્ની-પરિવારના પ્રશ્ને ચિંતા રહે. ખેતીના કામમાં તેમનાકારણે પુરતું ધ્યાન આપી શકાય નહીં. શિયાળુ ખેતીમાં ધ્યાન રાખવું. ચોમાસુ ખેતીમાં ખેતી, આવકમાં સાનુકૂળતા રહે. જમીન-વાહનની ખરીદી થઈ શકે. નવી ખેતીમાં ફાયદો થાય. રોકડીયો પાક લાભદાયી રહે.

### વિદ્યાર્થીવર્ગ

વિદ્યાર્થીવર્ગને ભણવામાં ધ્યાન આપવું પડે. ખર્ચ વધે. એન્જીનીયરીંગ, ટેકનીકલ વિદ્યાશાખામાં અભ્યાસ કરનારને સાનુકૂળતા રહે. મેડીકલમાં, અન્ય વિજ્ઞાન વિદ્યાશાખાનો ઉચ્ચ અભ્યાસ કરનારને ડિસેમ્બર, જાન્યુઆરી તેમજ મે, જુન, જુલાઈ મહિના સંભાળવા પડે. તા. ૩૧ મેથી ગુરૂ ગ્રહની પ્રબળતા શરૂ થવાથી વર્ષના મધ્યભાગ પછી ભણવામાં એકાગ્રતા વધે. મહેનતનું શુભફળ પ્રાપ્ત થાય.

### જનરલ સારાંશ

વર્ષ દરમ્યાન શનિની પ્રબળતા તેમજ તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરૂ ગ્રહની પ્રબળતા શરૂ થતાં આપને આપના કાર્યક્ષેત્રમાં આકસ્મિક પ્રગતિ, સફળતાથી શરૂઆત થાય. પુત્રપૌત્રાદિક, પત્નીની ચિંતા રહે પરંતુ તેમના જન્મના ગ્રહયોગની પ્રબળતા તેમની ચિંતા તે દૂર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે. આ વર્ષમાં ધર્મકાર્ય-શુભકાર્ય થાય. નોકરી, ધંધામાં સારી તક પ્રાપ્ત થાય. યશ, પદ, ધનમાં, માન-સન્માનમાં વધારો થાય.